**અમદાવાદના મહે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૧ માં.**

**ક્રિ.કેસ નં. ૩૪૪૪૯/૨૦૨૪**
**રામોલ પો.સ્ટે. ગુ.રજી.નં. એ/૧૧૧૯૧૦૨૪૨૨૦૩૬૮/૨૦૨૨**

**આંક–૦૪**

**ફરીયાદી** : શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી** : સુરજ સ/ઓ જગદીશસિંહ મનોજસિંહ ચૌહાણ.

**ગુનો** : ઈ.પી.કો.કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) વિ. મુજબ.

**કમીટલ ઓર્ડર**

૧. **રામોલ પો.સ્ટે. ગુ.રજી.નં. એ/૧૧૧૯૧૦૨૪૨૨૦૩૬૮/૨૦૨૨** ના ગુનાના કામે તપાસ કરનાર અમલદારશ્રી નાઓએ સદર ગુનામાં પોલીસ તપાસ પૂર્ણ કરીને ક્રિ.પ્રો.કો.ની કલમ–૧૭૩ અન્વયેનો પોલીસ રીપોર્ટ અત્રેની કોર્ટમાં અન્વયે રજુ કરેલો છે જે રીપોર્ટ રજુ થતાં તેનો **ક્રિ. કેસ નં. ૩૪૪૪૯/૨૦૨૪ થી** રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે.

૨. ઉપરોકત ગુનામાં સંડોવાયેલા આરોપી વિરૂધ્ધ તપાસ કરનાર અમલદાર ધ્વારા અત્રે પોલીસ રીપોર્ટ રજુ થતાં ઉપરોકત ગુનામાં આરોપીને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલી. ઉપરોકત કામમાં આરોપી વિરૂધ્ધ **રામોલ પો.સ્ટે. ગુ.રજી.નં. એ/૧૧૧૯૧૦૨૪૨૨૦૩૬૮/૨૦૨૨** મુજબના ગુનાનો આરોપ છે તે ગુનો સેશન્સ ટ્રાયલ ગુનો હોવાથી, સદર ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી માત્ર સેશન્સ અદાલત કરી શકે તેમ હોઈ, જેથી સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવા માટે સદર કેસ નામદાર સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ખાતેની કોર્ટમાં કમીટ થવા પાત્ર હોઈ, તેથી **ક્રિ.પ્રો.કો.નીકલમ–૨૦૯** ની જોગવાઈ મુજબ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી કરવા નામદાર સીટી સિવિલ એન્ડ સેશન્સ જજ સાહેબ તરફ કેસ કમીટ કરી મોકલી આપવો જોઈએ તેવું મારુ માનવુ છે, તેથી નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

ક્રિ.પ્રો.કો. ની કલમ–૨૦૯ અન્વયે આ કામના આરોપીઓ સામે **રામોલ પો.સ્ટે. ગુ.રજી.નં. એ/૧૧૧૯૧૦૨૪૨૨૦૩૬૮/૨૦૨૨ , ઈ.પી.કો.કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) વિ.** મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂં સદરહું કેસ નામદાર સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ખાતે કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, સદર કામના આરોપી જયુડી.કસ્ટડીમાં હોય સદર કામના આરોપીને મુદત તારીખે નામ.સિટિ સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં હાજર રખાવવાની જેલ ઓથોરીટીને તથા સદર આરોપીને મુદત તારીખે નામ.સિટિ સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં હાજર રહેવાની સમજ કરેલી છે.

સદરહું કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ ઉપરોકત નામ.સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં મોકલી આપવા.

સદર હુકમની જાણ પબ્લીક પ્રોસીકયુટરશ્રીને કરવી.

હુકમ આજ રોજ તા.૦૮ મી માહે–એપ્રિલ, સને–૨૦૨૪ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)
એડી.ચીફ મેટ્રોપોલીટ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૧,અમદાવાદ.
જી.જે.૦૧૦૩૭

તા.૦૮/૦૪/૨૪.
અમદાવાદ.

#VBVALA#